ફોર્મ નં. – ૯

(નિયમ- ૭)

# વપરાશ અંગેનું પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, **શ્રી રંગ ઓર્ગેનાઇઝરસના પાર્ટનર શ્રી સુરેશભાઇ કાન્તીલાલ પટેલને રહેણાક તથા વાણિજય હેતુસર** સીટી સર્વે નં./રે.સર્વે નં./બ્લોક નં.: **૨૩૩+૨૩૪/૧૧** ગામ : **રાંદેસણ** તાલુકો : ગાંધીનગર જિલ્લો : ગાંધીનગર નગર રચના યોજના નંબર : **૦૫ (કુડાસણ-રાંદેસણ-ઇન્દ્રોડા-ધોળાકુવા)** મુળખંડ નંબર **૯૫**નાં અંતિમખંડ નંબર **૯૫** કે જે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવે છે. જેમાં તા. **૧૭/૦૪/૨૦૧૭**ની આપની અરજીનાં સંબંધે અત્રેથી તા.: **૧૫/૦૫/૨૦૧૭**ના રોજ કરાયેલ સ્થળ નિરીક્ષણ મુજબ નીચે દર્શાવેલ મુજબની હયાત સ્થળ સ્થિતિની વિગત માલુમ પડે છે.

ઉપરોકત બાંધકામ લાયસન્સની આર્કીટેકટ/એન્જિનીયરશ્રી **દિલીપ.એ.જાની** ની દેખરેખ હેઠળ, કરવામાં આવેલ છે. સદર વિકાસ, જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન તથા અત્રેથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી ક્રમાંક : પી.આર.એમ. **/રાંદેસણ**/૧૨૯/૦૫/૨૦૧૩/ ________ તા. ________ માં રાખેલ શરતો પ્રમાણે હોઇ, અત્રેથી આપેલી વિકાસ પરવાનગીમાં સૂચિત કરેલ **સેલર/ભોંયરૂં + ગ્રાઉન્ડ ફ્લોર + ફર્સ્ટ ફ્લોર + સેકન્ડ ફ્લોર + થર્ડ ફ્લોર + ફોર્થ ફ્લોર + સ્ટેર કેબીન ના ફ્લોર મળી કુલ ૦૩+૬૮=૭૧** એકમ પુરતી જે નીચે દર્શાવેલ હેતુ માટે આ સાથેની શરતોને અધિન સ્થળે થયેલ બાંધકામને વપરાશનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| અ નં | ફ્લોર (માળ) | બાંધકામ (બિલ્ટઅપ) નું ઉપયોગી ક્ષેત્રફળ (ચો.મી) | બાંધકામની ઉપયોગ | એકમની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | સેલર/ભોંયરું | ૧૬૧૭.૩૮ | પાર્કિંગ | --- | ---- |
| ૨. | હોલોપ્લીન્થ | --- | --- | --- | |
| ૩. | ગ્રાઉન્ડ ફલોર | ૧૧૫૦.૭૧ | વાણિજય | ૩૦ | |
| ૪. | ફર્સ્ટ ફલોર | ૧૧૫૦.૭૧ | વાણિજય | ૨૨ | |
| ૫. | સેકન્ડ ફલોર | ૧૧૫૦.૭૧ | વાણિજય | ૧૨ | |
| ૬. | થર્ડ ફલોર | ૧૧૫૦.૭૧ | રહેણાંક+વાણિજય | ૦૧+૦૪ | |
| ૭. | ફોર્થ ફલોર | ૨૯૩.૩૨ | રહેણાંક | ૦૨ | |
| ૮. | સ્ટેર કેબીન | ૪૧.૨૩ | --- | --- | |
| | કુલ : | ૬૫૫૪.૭૭ | રહેણાંક+વાણિજય | ૦૩+૬૮=૭૧ | |

**નોધઃ માન.અધ્યક્ષશ્રીએ મંજુર કર્યા મુજબ**
**ક્રમાંક : પીઆરએમ/રાંદેસણ/૧૨૯/૦૫/૨૦૧૩/ 2803 /૨૦૧૭**
**વપરાશ : રહેણાંક તથા વાણિજય**
**તારીખ : 3/6/17**

**જુનીયર નગર નિયોજક**
**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ,**
**ગાંધીનગર.**

# શરતો

(૧) જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન ની જોગવાઇ અનુસાર ઇમારતી સાચવણી,જાળવણી અને મરામત વખત કરવાની ખાસ શરતે વપરાશનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(૨) પ્રવર્તમાન અથવા જે તે સમયના કાયદા અન્વયે ભરવાના થતા સત્તામંડળ અને સ્થાનિક સંસ્થાના કરવેરા ભરવાના રહેશે.

(૩) ભવિષ્યમાં સદરહું વિસ્તારની નગર રચના યોજના હેઠળ જમા કરાવવાનો થતો નગર રચના યોજનાની દરખાસ્ત મુજબનો નેટ ડીમાન્ડ, ડ્રેનેજ ચાર્જ તથા અન્ય ફી, ડીપોઝીટ વિગેરે જમા કરાવવાની રહેશે.

(૪) વપરાશના હેતુમાં ફેરફાર કરતાં પહેલાં પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૫) આ બાંધકામનો વપરાશ પર્યાવરણને હાનીકારક અને ઉપદ્રવકારી ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે. તેમજ આસપાસના વિસ્તાર અને વિસ્તારના રહીશોને અસુવિધારુપ કે મુશ્કેલીરુપ ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે.

(૬) પાર્કિંગ માટે ખુલ્લા રાખેલા ક્ષેત્રફળના માપ કે ઉપયોગમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહીં.

(૭) હાલે સ્થળ ઉપરના હયાત માર્જીન, સ્ટેરકેસ, લીફ્ટ, કોમન પ્લોટ વિગેરે જેવા સહિયારા વપરાશ માટે મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલા તમામ ખુલ્લી જગ્યા કે બાંધકામવાળી જગ્યાના માપમાં કે ઉપયોગમાં કોઇ ફેરફાર કરવાનો રહેશ નહીં.

(૮) આ પ્રમાણપત્રથી બાંધકામની તેમજ બાંધકામ માટે વપરાયેલ માલ-સામાનની ગુણવત્તા પ્રમાણિત કરવામાં આવતી નથી, અને તે અંગે સત્તામંડળની કોઇ જવાબદારી રહેતી નથી કે રહેશે નહીં.

(૯) આ પ્રમાણપત્રથી બાંધકામના સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી કે સ્ટ્રક્ચરલ સ્ટ્રેન્થ પ્રમાણિત કરવામાં આવતી નથી અને તે અંગે સત્તામંડળને કોઇ જવાબદારી રહેતી નથી કે રહેશે નહીં.

(૧૦) ઉપરની કોઇપણ શરતોનો ભંગ થયેથી આ વપરાશનું પ્રમાણપત્ર આપોઆપ રદ થયેલ ગણાશે.

**નોધઃ માન.અધ્યક્ષશ્રીએ મંજુર કર્યા મુજબ**
**ક્રમાંક : પીઆરએમ/રાંદેસણ/૧૨૯/૦૫/૨૦૧૩/ 2803 /૨૦૧૭.**
**વપરાશ : રહેણાંક તથા વાણિજ્ય**
**તારીખ :** 3/6/17

**જુનીયર નગર નિયોજક**
**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ,**
**ગાંધીનગર.**

**નકલ સવિનય રવાનાઃ પ્રતિ,**
નગર રચના અધિકારીશ્રી,નગર રચના અધિકારીશ્રીની કચેરી, ગુડા એકમ-૧,૨,બ્લોક નં.૧૩, જુના સચિવાલય, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર તરફે જાણ સારું.